# Day to Day Current Affairs

**15. ઓક્ટોબર 2015**

## ૧. કેન્દ્ર સરકારની દુષ્કર્મ, એસિડ હુમલા પીડીતાઓ માટે યોજના :

- કેન્દ્ર સરકારે યૌનશોષણ, એસિડ હુમલા અને માનવ દાણચોરીનો ભોગ બનેલી પીડીતાઓની મદદ માટે વિશેષ ભંડોળની જાહેરાત કરી છે.

- કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આવી પીડિતાઓ માટે આરંભે રૂ. 200 કરોડના ફંડની રચના કરી છે.

- આ યોજનાનો મુખ્ય હેતુ રાજય સરકારો અને કેન્દ્ર શાષિત પ્રદેશો દ્વારા આ હેતુસર ચાલતી યોજનાઓને પ્રોત્સાહન તેમજ મદદ કરવાનો છે.

- પીડિતાઓને તેને પહોંચેલી ઈજા કે મૃત્યુના આધારે આર્થિક સહાય આપવામાં આવશે.

- વિવિધ રાજ્ય સરકારો આ પ્રકારની યોજના ધરાવે છે પરંતુ નાણાકીય સહાયની રકમમાં ભિન્નતા પ્રવર્તી રહી છે, આ તફાવતને ઘટાડવા આ યોજનાનો ઉપયોગ થશે.

- તેમજ કેન્દ્ર દ્વારા રાજય સરકારોને પોતાની યોજનાઓમાં ફેરફાર કરવા પણ કહેવાશે.

## ૨. ધ મેન બુકર પ્રાઈઝ :

- જમૈકાના માર્લોન જેમ્સને આ વર્ષનુ 'ધ મેન બુકર પ્રાઈઝ' મળશે.

- તેમને આ સન્માન 'અ બ્રીફ હિસ્ટ્રી ઓફ સેવન કિલિંગ્સ' માટે આપવામાં આવશે જે એક ફ્રાઈમ નવલકથા છે.

- માર્લોન આ પ્રાઇઝ મેળવનાર સૌપ્રથમ જમૈકન છે.

- માર્લોન દ્વારા આ નવલકથા 1976માં જમૈકાના ગાયક બોબ મારલેના ખુનના પ્રયાસની ઘટના પરથી આગળ કાલ્પનિક વાર્તા વણી લઇને તૈયાર કરવામાં આવી છે.

- મેન બુકર પ્રાઇઝ આ રેસમાં યુકે સ્થિત ભારતીય સંજીવ સાહોટા પણ હતા. તેમનું પુસ્તક 'ધ યર ઓફ ધ રનવેઝ' છે.

- આ નવલકથા આર્થિક કારણોસર પોતાનું ઘર છોડીને બ્રિટન જતાં ભારતીયોના વિષય પર આધારીત છે.

## 3. 'મોદી એક્સપ્રેસ' – બસ :

- તાજેતરમાં બ્રિટનમાં ભારતીય સમુદાયે 'મોદી એક્સપ્રેસ' બસ લોન્ચ કરી છે.

- મોદી નવેમ્બર 2015માં યુકેની મુલાકાતે જઇ રહ્યા છે તે અગાઉ ત્યાના મહત્વના સ્થળોની યાત્રા કરવા માગતા લોકો માટે આ બસ શરૂ કરવામાં આવી છે.

## ૪. વિશ્વનાથ તિવારી – સાહિત્ય અકાદમીના અધ્યક્ષ :

Vivekanand Academy, Gandhinagar